COLLEGE BOARD

# PSAT™ 8/9 Test Directions Translated into Gujarati for Students

2020-2021

## Notes to the Proctor:

This document should be printed and distributed once students are seated.

Students may use this document to read translations of the directions that are read aloud or printed in their test book.

Students may keep this document open and on their desk during the entire test.

Students may **not** be given additional time, unless approved as a separate accommodation.

Collect this document from each student at the end of testing and securely destroy it.

© 2020 College Board. College Board and SAT are registered trademarks of College Board. PSAT is a trademark owned by College Board. Unauthorized copying or reuse of any part of this document is illegal.

# Table of Contents


Notes to the Proctor: ..... 1
Notes to the Student ..... 3
1 Before the Test Begins ..... 4
1.1 Answer Sheet Distribution ..... 6
1.2 Test Book Distribution ..... 7
1.3 Completing the Certification Statement ..... 8
1.4 Completing Test Book Information ..... 9
1.5 Front Cover Directions ..... 10
1.6 Back Cover Directions ..... 11
2 Section 1: Reading Test ..... 12
2.1 Section 1 Test Book Directions ..... 13
2.2 Break Between Sections ..... 13
3 Section 2: Writing and Language Test ..... 13
3.1 Section 2 Test Book Directions ..... 14
4 Section 3: Math Test – No Calculator ..... 14
4.1 Section 3 Test Book Directions ..... 16
4.2 Break Between Sections ..... 17
5 Section 4: Math Test – Calculator ..... 18
5.1 Section 4 Test Book Directions ..... 19
6 Dismissal ..... 20
6.1 Collecting Test Books and Other Test Materials ..... 21
6.2 Finishing Up ..... 21
6.3 Completing Answer Sheets ..... 21
6.4 Collecting Answer Sheets and Dismissing Students ..... 23

## વિદ્યાર્થીઓ માટે નોંધ

નીચે આપેલ એ નિર્દેશોનું ભાષાંતર તેમજ તમારી પરીક્ષા પુસ્તિકામાં લખેલા નિર્દેશો છે જે તમારા પ્રોક્ટર મોટેથી વાંચશે. જેવી રીતે તમારા પ્રોક્ટર અંગ્રેજીમાં નિર્દેશો મોટેથી વાંચે તેવી રીતે તમે તેમનું અનુસરણ કરો. તમારા પ્રોક્ટર દ્વારા શું વંચાઈ રહ્યું છે તે વિષે તમને જો કોઈ પ્રશ્ન હોય તો કૃપા કરીને તમારો હાથ ઉંચો કરો.

- આ ભાષાંતર કરેલા નિર્દેશો તમારા પ્રોક્ટર દ્વારા વાંચવામાં આવતા નિર્દેશો સાથે શબ્દસહ મેળ ન પણ ખાય. ચિંતા ન કરશો, અર્થ સમાન છે.
- તમારા પ્રોક્ટર એવી કેટલીક સૂચનાઓની અવગણના કરી શકે છે કે જે તમારી પરીક્ષાની સ્થિતિમાં લાગુ પડતી ન હોય.
- તમે આ દસ્તાવેજને પરીક્ષા સમયે ડેસ્ક પર રાખી શકો છો, પણ પરીક્ષા પછી તે તમારે પ્રક્ટોરને પરત કરવાનો રહેશે.
- તમે આ દસ્તાવેજનો ઉપયોગ કાચું કામ કરવા માટે કરી શકો નહીં.
- વિભિન્ન સમયે તમારા પ્રોક્ટર વિભાગમાં બાકી રહેલા સમયની અને તેની સાથે જ્યારે ઉચિત લાગે ત્યારે વિરામોની પણ ઘોષણા કરશે. જો તમે માન્યતા પ્રાપ્ત વ્યવસ્થાઓ સાથે પરીક્ષા આપી રહ્યા છો તો આ ઘોષણાઓ કદાચ આ અનુદિત દસ્તાવેજમાં દર્શાવેલ સમય અને વિરામોથી ભિન્ન હોઈ શકે છે. કૃપા કરીને તમારા પ્રોક્ટર દ્વારા થતી ઘોષણાઓ ધ્યાનથી સાંભળો.
- જો તમે માન્યતા પ્રાપ્ત વ્યવસ્થાઓ સાથે પરીક્ષા આપી રહ્યા છો તો તમારા પ્રોક્ટર તમને અંગ્રેજીમાં વધારાનાં નિર્દેશો આપી શકે છે.
- નિશ્ચિત સૂચના તરફ તમારું ધ્યાન દોરવા માટે આ દસ્તાવેજમાં બધે ચિહ્નોનો ઉપયોગ કરવામાં આવેલ છે:

  મહત્વની જાણકારી

  તમારા પ્રોક્ટર દ્વારા કરવામાં આવેલા નિર્દેશો

  તમારી પરીક્ષા પુસ્તિકામાં જોવા મળતા નિર્દેશો

## 1 પરીક્ષા શરૂ થાય એ પહેલા

*એવું કહીને તમારા પ્રોક્ટર આગળ બોલશે કે:*

PSAT 8/9 વ્યવસ્થામાં તમારું સ્વાગત છે. તમે તમારી સમગ્ર શાળા દરમિયાન જે પણ અભ્યાસ કરી રહ્યા છો તેના પર આ પરીક્ષા આધાર રાખશે. તમે તમારી હાઇસ્કૂલમાં ક્યાં સારું પરીવર્તન લાવી શકો છો તેના માટે તે તમને તક પૂરી પાડે છે. જો તમે પ્રિન્ટ કરેલા નિર્દેશોનો ઉપયોગ કરી રહ્યા હોવ તો હું તમને સૂચનાઓ આપું ત્યાં સુધી અનુસરવા માટે તેમનો ઉપયોગ કરો.

આપણે પરીક્ષા શરૂ કરીએ તે પહેલાં હું કેટલીક સૂચનાઓ વાંચવા જઈ રહ્યો છું. કૃપા કરીને કાળજીપૂર્વક વાંચો અને જો તમને કોઈ પ્રશ્નો હોય તો તમારો હાથ ઊંચો કરો. યાદ રાખો, મારી ભૂમિકા તમારી પાસે તમારા કૌશલ્યો અને જ્ઞાનની રજૂઆત કરવાની શ્રેષ્ઠ તક છે એની ખાતરી કરાવવાની છે.

આજની પરીક્ષા માટે. તમારી ઉત્તરવહીને ચિહ્નિત કરવા માટે તમે માત્ર નંબર 2 પેન્સિલ વાપરી શકો છો. યાંત્રિક પેન્સિલ્સને મંજૂરી નથી. જો તમારી પાસે નંબર 2 પેન્સિલ ન હોય તો કૃપા કરીને તમારો હાથ ઊંચો કરો, અને હું તમને એક પેન્સિલ આપીશ.

*ત્યાર બાદ તમારા પ્રોક્ટર કહેશે:*

College Board PSAT 8/9 નીતિ નિયમો અને શરતો એવા નિયમો અને શરતોને સમાવિષ્ટ કરે છે કે તમામ વિદ્યાર્થીઓએ એક સારો અને સમાન પરીક્ષા અનુભવ ધરાવો છો. જો કોઈ બીજાને ખલેલ પહોંચાડે છે અથવા અયોગ્ય ફાયદો લેવાની કોશિશો કરે છે તો હું તેમને પરીક્ષા ખાંડ છોડી જવાનું કહીશ અને તેમના ગુણો રદ્ કરી દેવામાં આવશે. તેઓને ભવિષ્યમાં બીજા College Board ની પરીક્ષા આપવા માટે કદાચ રોકવામાં આવી શકે છે.

*તમારા પ્રોક્ટર આ પ્રમાણે કહીને અયોગ્ય વર્તનના ઉદાહરણોની સૂચિ બનાવશે:*

અહી અયોગ્ય લાભોના થોડા ઉદાહરણો છે:

- પરીક્ષામાં કોઈપણ પ્રકારની સહાયતા આપવી કે લેવી
- સમય શરૂ થાય એ પહેલા પરીક્ષા પુસ્તિકાને જોઈ જવી
- એવા વિભાગ અથવા પરીક્ષા તરફ જોવું જે વર્તમાનમાં આપણે જેના પર છીએ તેના કરતાં અલગ હોય.
- સમય પૂરો થાય પછી જવાબોને માર્ક કરવા અને બદલવા
- પરીક્ષા ખંડમાંથી પરીક્ષણ સામગ્રીને દૂર કરવાનો પ્રયત્ન કરવો
- પરીક્ષા દરમિયાન ફોન કે અન્ય કોઈ અનઅધિકૃત પરીક્ષણ સાધનનો પરીક્ષા દરમિયાન અથવા વિરામ દરમિયાન ઉપયોગ કરવો
- ઉત્તરવહીનો ઉપયોગ કરવો અથવા પરીક્ષા દરમિયાન અથવા પછી અન્ય સાથે જવાબો શેર કરવા
- લૉકરમાં જવું અથવા પરીક્ષા દરમિયાન પરીક્ષા ભવન છોડીને જતાં રહેવું
- કોઈ અન્ય વ્યક્તિ માટે પરીક્ષા આપવાનો પ્રયત્ન કરવો
- માન્ય સુવિધા વિના પરવાનગી વગર પરીક્ષા દરમિયાન ખાવું અથવા પીવું
- ખલેલ પહોંચાડવી
- પરીક્ષા પ્રક્રિયાઓને અનુસરવામાં નિષ્ફળ થવું

આ નીતિઓ એ સુનિશ્ચિત કરવામાં મદદ કરે છે કે તમારો આજનો પરીક્ષા અનુભવ સારો છે, અને તમે અવરોધો વિના તમારી પોતાની પરીક્ષા પર ધ્યાન કેન્દ્રિત કરી શકો છો.

જો તમે કંઈક એવું જુઓ છો જે તમારા માટે ચિંતાજનક છે તો કૃપા કરીને મારી સાથે અથવા અન્ય પરીક્ષા સ્ટાફ સભ્ય સાથે પરીક્ષા પછી વાત કરો, અને અમે તમને આગળના પગલાંમાં મદદ કરીશું.

**તમારા પ્રોક્ટર માત્ર એક વિકલ્પ, સ્ક્રીપ્ટ A અથવા B, જે પણ બાદમાં આવે છે, તે વાંચશે.**

*(A) જો તમારી શાળાએ વિદ્યાર્થીઓની વ્યક્તિગત વસ્તુઓ એકત્રિત કરી હોય તો તમારા પ્રોક્ટર કહેશે:*

અત્યારે તમારે કોઈપણ ફોન કે ઈલેક્ટ્રોનિક ઉપકરણ જમા કરાવી દેવાનો રહેશે. છતાંપણ જો કોઈ પાસે સ્માર્ટવોચ અથવા ફિટનેસ ટ્રેક્ટર સહિતનું ઈલેક્ટ્રોનિક ઉપકરણ હોય તો કૃપા કરીને અત્યારે જ તમામ એલાર્મ્સને અસક્ષમ કરો, તેને બંધ કરો, અને તે મને આપી દો. પરીક્ષાના અંતમાં તે તમને પરત સોંપી દેવામાં આવશે.

*(B) જો તમારી શાળાએ કોઈ વ્યક્તિગત વસ્તુઓ એકત્રિત ન કરી હોય તો તમારા પ્રોક્ટર કહેશે:*

અત્યારે જો કોઈ પાસે સ્માર્ટવોચ અથવા ફિટનેસ ટ્રેક્ટર સહિતનું ઈલેક્ટ્રોનિક ઉપકરણ હોય તો કૃપા કરીને અત્યારે જ જ્યાં સુધી પરીક્ષા પૂર્ણ ન થાય ત્યાં સુધી તમામ એલાર્મ્સને અસક્ષમ કરો, તેને પૂર્ણ રીતે બંધ કરો, અને તે એક બેગમાં અથવા બેકપેકમાં પરીક્ષા ખંડના એક ખૂણે મૂકી દો. જો તમને સહાય તરીકે કોઈ વસ્તુનો ઉપયોગ કરવાની મંજૂરી મળી છે તો તેને તમારી સીટ પર રાખેલી વસ્તુઓ સાથે શામેલ કરો. જો તમને તમારો ફોન સંગ્રહ કરવા માટે બેગની જરૂર હોય તો તમારો હાથ ઊંચો કરો અને હું તમને એક આપીશ.

*તમારા પ્રોક્ટર આ પ્રમાણે કહીને સુનિશ્ચિત કરશે કે કોઈ પણ ઈલેટ્રોનિક ઉપકરણો માન્ય નથી.:*

કોઈપણ ઉપકરણ કે જે બંધ કરી દેવામાં આવ્યું નથી અથવા દૂર રાખવામા આવ્યું નથી તેને એકત્રિત કરી લેવામાં આવી શકે અને તપાસના ભાગ તરીકે તેની સામગ્રીઓની તપાસ થઈ શકે છે. જો તમે ઉપકરણ સાથે જોવા મળશો અથવા તમારૂ ઉપકરણ અવાજ કરશે અથવા એ તમારી પાસે હોય ત્યારે ખલેલ પંહોચાડશે તો મારે તમને પરીક્ષણમાંથી બરતરફ કરવા પડશે. આ મુદ્દા પર, હું જો કોઈ પણ વિદ્યાર્થીને ફોન, સ્માર્ટફોન, અથવા અન્ય ઈલેક્ટ્રોનિક ઉપકરણ સાથે જોઈશ તો હું તમને બરતરફ કરી દઈશ.

*ત્યાર બાદ તમારા પ્રોક્ટર કહેશે:*

આ સૂચનાઓ પર અત્યાર સુધી ધ્યાન આપવા બદલ આભાર. હવે આપણે પરીક્ષાનાં આરંભની તૈયારી કરીશું.

- તમારી નંબર 2 પેન્સિલ, સ્વીકૃત કેલ્ક્યુલેટર અને જો તમારી પાસે બેકઅપ કેલ્ક્યુલેટર હોય તો, અને અન્ય પરવાનગી યુક્ત પરીક્ષા ઉપકરણ સિવાય તમારા ડેસ્ક પરથી તમામ વસ્તુઓને દૂર કરો. જો તમે પ્રિન્ટ કરેલા પરીક્ષા નિર્દેશો અથવા શબ્દસહ શબ્દ સંગ્રહનો ઉપયોગ કરી રહ્યા હોવ તો સાથે સાથે આ વસ્તુઓને તમરા ડેસ્ક પર રાખો.
- જો તમે અતિરિક્ત બેટરી, પીણા અથવા નાસ્તો લાવ્યા છો તો તેને તમારા ડેસ્કની નીચેની જમીન પર મૂકો.
- જો તમારા ડેસ્ક પર કોઈપણ બેગ કે બેકપેક બચેલી છે તો તેને બંધ કરો અને પરીક્ષા પૂર્ણ ન થાય ત્યાં સુધી તેને પરીક્ષા ખંડમાં બાજુએ મુકી દો.

*જ્યારે બધા વિદ્યાર્થીઓ તૈયાર હશે ત્યારે તમારા પ્રોક્ટર કહેશે:*

જ્યાં સુધી હું આજુ બાજુ જોઈ લઉં અને સુનિશ્ચિત કરી લઉં કે તમે બધા સ્વીકૃત કેલ્ક્યુલેટરોનો જ ઉપયોગ કરી રહ્યા છો ત્યાં સુધી શાંતિથી બેસો.

*ત્યાર બાદ તમારા પ્રોક્ટર કહેશે:*

કૃપા કરીને યાદ રાખો કે ક્યારેય પણ તમારાં કેલ્ક્યુલેટર બીજાને આપશો નહીં કે તેમની અદલાબદલી કરશો નહીં. હવે તમારા કેલ્યુલેટરોને તમારા ડેસ્કની નીચે મૂકી દો. તમને હવે પછીના વિભાગ બાદ તેમની જરૂર પડશે.

## 1.1 ઉત્તરવહીનું વિતરણ

*ઉત્તરવહીનાં વિતરણ પછી તમારા પ્રોક્ટર કહેશે કે:*

- આ એ ઉત્તરવહીઓ છે જે તમે પરીક્ષામાં તમારા જવાબોને ચિહ્નિત કરવા ઉપયોગ કરશો. જો તમે મોટા-ખાના વાળી ઉત્તરવહીનો ઉપયોગ કરી રહ્યા હોવ તો કૃપા કરીને તમારા જવાબો કઈ રીતે ચિહ્નિત કરવા એ અંગે તમારી ઉત્તરવહીના પાનાં 1 પરના સૂચનો વાંચો. તમારા પૃષ્ઠ નંબરો મારા દ્વારા ઘોષિત પૃષ્ઠ નંબરોથી ભિન્ન હશે, પરંતુ ખાનાની સંખ્યા જે હું દરેકને આપું છું એને સમાન જ હશે. તમે બબલ્સ ભરવાને બદલે X સાથે ચોરસોને ચિહ્નિત કરશો. જો તમને કોઈપણ સમયે સલાહની જરૂર હોય તો તમારો હાથ ઊંચો કરો.

**તમારા પ્રોક્ટર માત્ર એક વિકલ્પ, સ્ક્રીપ્ટ A અથવા B, જે પણ બાદમાં આવે છે, તે વાંચશે.**

*(A) જો તમામ વિદ્યાર્થીઓએ પાસે તેમની વ્યક્તિગત માહિતી સાથે ઉત્તરવહીઓ હોય તો તમારા પ્રોક્ટર કહેશે:*

- દરેક પાસે લેબલ અને/અથવા પ્રિન્ટ થયેલી અને બબલવાળી માહિતી ધરાવતી ઉત્તરવહી હોવી જોઈએ. તમારી ઉત્તરવહી તમારું સાચું કાયદાકીય નામ અને જન્મ તારીખ દર્શાવે છે તે સુનિશ્ચિત કરીને કૃપા કરીને તપાસો કે તમારી પાસે સાચી ઉત્તરવહી છે. જો તમારી પાસે ખોટું ઉત્તરવહી હોય અથવા જો તમને લેબલ પર કોઈ ભૂલો દેખાય તો તમારો હાથ ઉંચો કરો.

*(B) જો કોઈ વિદ્યાર્થીઓએ તેમની ઉત્તરવહીમાં વ્યક્તિગત માહિતી ન ભરી હોય તો તમારા પ્રોક્ટર કહેશે:*

- તમારા માંના કેટલાક પાસે લેબલ અને/અથવા પ્રિન્ટ થયેલી અને બબલ વાળી માહિતી ધરાવતી ઉત્તરવહી હોઇ શકે છે જે મે હમણાં જ તમને આપી હતી. જો એવી બાબત હોય તો કૃપા કરીને તમારી ઉત્તરવહી પરની માહિતી સાચી છે તેની ખાતરી કરીને તપાસો કે તમારી પાસે સાચી ઉત્તરવહી છે. જો તે સાચું હોય તો કૃપા કરીને જ્યાં સુધી હું બીજા વિદ્યાર્થીઓને તેમની ઉત્તરવહી પર જરૂરી ખાના ભરવા માટે માર્ગદર્શન આપું ત્યાં સુધી થોડી મિનિટો શાંતિથી બેસો. જો તમારી ઉત્તરવહી પર કોઈ માહિતી ખોટી હોય તો તમારો હાથ ઊંચો કરો.

*જે વિદ્યાર્થીઓને, ખાના 1 માટે, તેમની ઉત્તરવહીઓ પર માહિતી પૂર્ણ કરવાની જરૂર છે તેઓને તમારા પ્રોક્ટર કહેશે:*

- તમારું કાયદાકીય અંતિમ નામ, પહેલું નામ, અને મધ્ય નામના પ્રથમ અક્ષરો, જો હોય તો, ભરીને શરૂઆત કરો. જો આ તમારા નામનાં ભાગ હોય તો ખાલી જગ્યાઓ, આડી લીટી, અથવા એપોસ્ટ્રોફી જોડો. ખાનાઓમાં બધું જ કેપિટલમાં પ્રિન્ટ કરો અને ત્યારબાદ સંબંધિત બબલ્સ ભરો. ખાતરી કરો પ્રત્યેક ચિહ્ન કાળા છે અને બબલ્સને પૂર્ણ રીતે ભરે છે. જ્યારે પૂર્ણ થઈ જાય ત્યારે ઉપર જુઓ.

*ખાના 2 માટે તમારા પ્રોક્ટર કહેશે:*

- ખાના 2 માટે, જો તમે આ શાળામાં હાજરી આપો છો તો “Yes” (“હા”) માટે બબલ ભરો. જે કોઈ આ શાળામાં નિયમિતપણે હાજરી આપતા નથી તેમના માટે તેમને જે બબલ લાગુ પડે છે તે બબલ ભરવાનું રહેશે. જો તમને કોઈ પ્રશ્નો હોય તો તમારો હાથ ઊંચો કરો.

*ખાના 3 અને 4 માટે તમારા પ્રોક્ટર કહેશે:*

- ખાના 3 અને 4 માટે, જો તમે આ શાળામાં હાજરી આપો છો તો અમારી શાળાનું નામ, શહેર, અને રાજ્યને ખાના 3 માં પ્રિન્ટ કરો; પછી અમારો 6 અંકોનો શાળા કોડ ________ ખાના 4 માં પ્રિન્ટ કરો અને ભરો. જો તમે આ શાળામાં નિયમિતપણે હાજરી આપતા નથી તો તમારો હાથ ઊંચો કરો, અને હું તમને ખાના 4 માં ભરવા માટેનો સાચો કોડ આપવા આવીશ. જ્યારે પૂર્ણ થઈ જાય ત્યારે ઉપર જુઓ.

**જો તમારી શાળા વિદ્યાર્થીના ID નંબરનો ઉપયોગ કરી રહી નથી તો તમારા પ્રોક્ટર ખાનુ 5 છોડી દેશે.**

*જો તમારી શાળા, ખાના 5 માટે, વિદ્યાર્થી ID નો ઉપયોગ કરી રહી છે, તો તમારા પ્રોક્ટર કહેશે:*

- ખાના 5 માં, પહેલા કૉલમથી શરૂ કરીને ડાબે સુધી તમારા વિદ્યાર્થી ઓળખ નંબર માટે બબલ્સને પ્રિન્ટ કરો ને ભરો. જો તમારા IDમાં અક્ષરો છે તો તેમને શામેલ ન કરો અને ફક્ત જેમની વચ્ચે કોઈ જગ્યા ન હોય તેવા અંકો દાખલ કરો. જો તમે તમારો વિદ્યાર્થી ID નંબર જાણતા નથી તો તમારો હાથ ઊંચો કરો. જ્યારે પૂર્ણ થઈ જાય ત્યારે ઉપર જુઓ.

*ખાના 6 માટે તમારા પ્રોક્ટર કહેશે:*

- ખાના 6માં તમારું વર્તમાન ધોરણ સ્તર ભરો.

*ખાના 7 માટે તમારા પ્રોક્ટર કહેશે:*

- ખાનુ 7 પૂર્ણ કરો.

*ખાના 8 માટે તમારા પ્રોક્ટર કહેશે:*

- તમારી જન્મ તારીખ માટે તમે જે મહિનામાં જન્મ્યા હતા તે માટે બબલ ભરો. જો મહિનાને માત્ર 1 જ અંક હોય તો મોટા-ખાના વાળી ઉત્તરવહીમાં મહિના માટે અંકોને શૂન્યથી શરૂ કરીને ભરો. ત્યારબાદ, જો દિવસ 10 કરતાં ઓછો હોય તો તમે જન્મ્યા હતા એ દિવસ માટે શૂન્યથી શરૂ કરીને 2-અંકોનો નંબર લખો. ત્યારબાદ વર્ષનાં અંતિમ 2 અંક લખો જેમાં તમે જન્મ્યા હતા. સંબંધિત બબલ્સ ને ભરો અને જ્યારે પૂર્ણ થઈ જાય ત્યારે ઉપર જુઓ.

*પરીક્ષા પુસ્તિકા વિતરણ કરતા પૂર્વે તમારા પ્રોક્ટર કહેશે:*

- જો તમારી પાસે તમારી ઉત્તરવહીનો પરીક્ષા સિવાયનો ભાગ પૂર્ણ કરવા માટે અન્ય ખાના હોય તો તમને પરીક્ષા સમાપ્ત થયા પછી તેને પૂર્ણ કરવાની તક મળશે.

## 1.2 પરીક્ષા પુસ્તિકાનું વિતરણ

*જ્યારે બધા તૈયાર હશે ત્યારે તમારા પ્રોક્ટર કહેશે:*

- હવે હું તમને તમારી પરીક્ષા પુસ્તિકાઓ આપવા જઈ રહ્યો છું. જ્યારે તમે તમારી પરીક્ષા પુસ્તિકા મેળવો ત્યારે તેને ખોલશો નહીં.

*જ્યારે તમામ વિદ્યાર્થીઓ પાસે તેઓની પરીક્ષા પુસ્તિકાઓ હશે ત્યારે તમારા પ્રોક્ટર કહેશે:*

- તમારી પરીક્ષા પુસ્તિકાને પલટો અને પાછળનું પૃષ્ઠ વાંચો. તેમાં પરીક્ષા વિશે અને તમારા જવાબોને યોગ્ય રીતે કઈ રીતે ચિહ્નિત કરવા એ વિશે મહત્વની માહિતી છે.

  હમણાં તમે જે વાંચ્યુ એનાં વિષે તમને કોઈ પ્રશ્ન છે?

*જ્યારે બધા તૈયાર હશે ત્યારે તમારા પ્રોક્ટર કહેશે:*

- પરીક્ષા પુસ્તિકાની પાછળની બાજુ, તમારું નામ, આ શાળાનો કોડ અને નામ, અને આ ખંડના પરીક્ષણ ખંડનો કોડ અથવા નામ, જે મેં તમને પોસ્ટ કર્યું છે, તેમણે સ્પષ્ટ રીતે પ્રિન્ટ કરો.

*જે વિદ્યાર્થીઓ flash drive (ફ્લેશ ડ્રાઈવ)નો ઉપયોગ કરી રહ્યા હોય તેમના માટે તમારા પ્રોક્ટર કહેશે:*

જો તમે flash drive (ફ્લેશ ડ્રાઈવ) ફોર્મેટનો ઉપયોગ કરી રહ્યા છો તો તમારે એ ખાતરી કરવાની જરૂર છે કે આ માહિતી પણ તમારા flash drive (ફ્લેશ ડ્રાઈવ) પેકેજિંગ પર છે.

*આ પ્રમાણે કહીને તમારા પ્રોક્ટર જવાબો લખવા માટે વધારાની સૂચનાઓ આપશે:*

તમારી ઉત્તરવહીનું ગુણાંકન થઈ શકે તે માટે તમારા જવાબોને ચિહ્નિત કરવા માટે તમે નિર્દેશોને અનુસરો તે મહત્વનુ છે. તે સાચા છે તેની ખાતરી કરવા માટે હું મહત્વના મુદ્દાઓ પર ભાર મૂકવા જઈ રહ્યો છું. કૃપા કરીને તેને કાળજીપૂર્વક સાંભળો.

- ઉત્તરવહી પર તમામ જવાબો ચિહ્નિત કરો. તમે કાચા કામ માટે તમારી પરીક્ષા પુસ્તિકાનો ઉપયોગ કરી શકો છો, પરંતુ જો તમને પરીક્ષા પુસ્તિકામાં ચિહ્નિત કરવા પરવાનગી મળી નથી તો માત્ર તમારી ઉત્તરવહી પર ચિહ્નિત કરેલા જવાબો જ ગુણાંકન માટે ગણતરીમાં લેવામાં આવશે.
- જો તમને પરીક્ષા પુસ્તિકામાં તમારો જવાબ નોંધવા માટે મંજૂરી મળી છે તો તમારી પરીક્ષા પુસ્તિકામાં પસંદ કરેલ જવાબના અક્ષરને કુંડાળું કરો. દરેક પ્રશ્ન માટે ફક્ત 1 જવાબ કુંડાળું કરો. જો તમે જવાબ માટે તમારો વિચાર બદલ્યો હોય તો હોઈ શકે એટલું પૂર્ણપણે ભૂંસી નાખો. જો તમને આ સુવિધા માટે મંજૂરી નથી તો તમારા જવાબોને ઉત્તરવહી પર નોંધવાની ખાતરી કરી લો.
- સમય પૂર્ણ થયા પછી તમે પરીક્ષા પુસ્તિકામાંથી ઉત્તરવહીમાં જવાબની કોપી અથવા બબલ્સ ભરવાનું કામ કરી શકશો નહીં.
- ખાતરી કરો કે તમે નંબર 2 પેન્સિલનો ઉપયોગ કરો છો. પેન, રંગીન પેન્સિલ, અથવા યાંત્રિક પેન્સિલનો ઉપયોગ ન કરો.
- દરેક પ્રશ્ન માટે 1 જવાબ ચિહ્નિત કરો અને ઉત્તરવહી પર બબલ્સને ઘાટા અને સંપૂર્ણ રીતે ભરો.
- તમારા જવાબો સિવાય ઉત્તરવહીમાં કોઈ ચિહ્નો કરશો નહીં. તમારી ઉત્તરવહી પરના વધારાના ચિહ્નો તમારા ગુણાંકનમાં અવરોધ પહોંચાડશે.
- જો તમે ભૂસો છો તો તે પૂર્ણપણે ભૂંસો. અધુરું ભૂસાયેલું આશય સાથે આપેલા જવાબ તરીકે ગુણાંકિત થઈ શકે છે.

## 1.3 પ્રમાણપત્ર નિવેદન પૂર્ણ કરવું

*તમામ વિદ્યાર્થીઓને તમારા પ્રોક્ટર કહેશે:*

હવે કૃપા કરીને તમારી ઉત્તરવહીની પાછળની બાજુએ Certification Statement (પ્રમાણપત્ર નિવેદન) જુઓ.

નિવેદનમાં સહી કરીને, તમે કોઈપણ માધ્યમ દ્વારા, ઈમેઇલ, ટેક્સ્ટ સંદેશાઓ, ઈન્ટરનેટ પોસ્ટ્સ અથવા ઈન્ટરનેટના અન્ય ઉપયોગ સહિત પરંતુ તેનાથી મર્યાદિત ન હોય તેવી કોઈપણ પરીક્ષા સામગ્રીને કોઈ સાથે શેર ન કરવા માટે સહમત થાવ છો. આમ કરવાથી તમારું ગુણાંકન રદ થઈ શકે છે અથવા અન્ય સંભવિત મંજૂરી મળી શકે છે. આ શરતો *PSAT 8/9 Student Guide* માં જણાવવામાં આવેલી છે.

તમારી ઉત્તરવહી પર નિવેદન અને માહિતી વાંચો, પછી તમારા સંપૂર્ણ નામ પર સહી કરો કેમ કે તમે સત્તાવાર દસ્તાવેજ પર છો. તમારી સહી નીચે તમારું નામ પ્રિન્ટ કરો અને આજની તારીખ દાખલ કરો.

તમે જ્યારે પૂર્ણ કરી લો ત્યારે તમારી પેન્સિલ નીચે મૂકી દો.

## 1.4 પરીક્ષા પુસ્તિકાની માહિતી પૂર્ણ કરવી

*ખાના A અને B માટે, Form Code (ફોર્મ કોડ) અને Test ID (ટેસ્ટ આઈડી) માટે, તમારા પ્રોક્ટર કહેશે:*

- ખાના A ane B માટે તમારી ઉત્તરવહીના પાછળના ભાગે જુઓ. જેનાથી તમે પરીક્ષા આપી રહ્યા છો તે ટેસ્ટ ફોર્મેટની પાછળની બાજુએ Form Code (ફોર્મ કોડ) અને Test ID (ટેસ્ટ આઈડી) શોધો- જેમ કે, તમારી પરીક્ષા પુસ્તિકા, વાચકની સ્ક્રિપ્ટ (તમારા વાચકને પૂરી પાડવામાં આવેલ), બ્રેઈલ પુસ્તક, અથવા flash drive (ફ્લેશ ડ્રાઈવ) પેકેજિંગ. Form Code (ફોર્મ કોડ) અને Test ID (ટેસ્ટ આઈડી) ને એવી જ રીતે કોપી કરો જેવી રીતે તે ખાના A અને Bમાં તમારી પરીક્ષાની ઉત્તરવહી પર દેખાય છે અને યોગ્ય બબલ્સ ભરો. કૃપા કરીને તમે પૂર્ણ કરી લો ત્યારે ઉપર જુઓ.

**ખાનું C ત્યારે જ ભરવું જોઈએ જ્યારે તમારી પરીક્ષા પુસ્તિકાઓના મુખ્ય પૃષ્ઠની ઉપરની તરફ જમણી બાજુએ અનુક્રમ સંખ્યા લખેલી હોય. જો તમારી પરીક્ષા પુસ્તિકાઓ અનુક્રમ સંખ્યાઓ ન ધરાવતી હોય તો તમારા પ્રોક્ટર આગામી ફકરાને સ્કીપ કરશે.**

*એપ્રિલ પરીક્ષા માટે, ખાના C માટે, તમારા પ્રોક્ટર કહેશે:*

- તમારી પરીક્ષા પુસ્તિકાનું મુખપૃષ્ઠ અથવા અન્ય પરીક્ષા ફોર્મેટ જુઓ. ઉપરની તરફ જમણી બાજુએ "Test Book Serial Number" ("પરીક્ષા પુસ્તિકા અનુક્રમ નંબર") તરીકે લેબલ કરવામાં આવેલ જગ્યાએ નંબર શોધો. તમારી ઉત્તરવહીમાં તમારા સિરિયલ નંબરને ખાના C માં દાખલ કરો અને સંબંધિત બબલ્સ ભરો.

*તમારા પ્રોક્ટર આ પ્રમાણે કહીને વિદ્યાર્થીઓએ જે કોડ દાખલ કર્યા છે તે તેમની પાસે ચેક કરાવશે:*

- તમારું ગુણાંકન પ્રાપ્ત કરવા થતી મુશ્કેલીઓ દૂર કરવા માટે Form Code (ફોર્મ કોડ) અને Test ID (ટેસ્ટ આઈડી) ખાનાઓને તમે દાખલ કરેલ માહિતી સાચી છે તે સુનિશ્ચિત કરવા તપાસો.

**જો તમારી પરીક્ષા પુસ્તિકાઓ અનુક્રમ સંખ્યાઓ ન ધરાવતી હોય તો તમારા પ્રોક્ટર આગામી ફકરાને સ્કીપ કરશે.**

*એપ્રિલ પરીક્ષા માટે તમારા પ્રોક્ટર કહેશે:*

- કૃપા કરીને એ પણ તપાસી લો કે Test Book Serial Number (પરીક્ષા પુસ્તિકા અનુક્રમ નંબર) ખાનુ સાચી રીતે ભરવામાં આવેલું છે.

*જો તમારી શાળા ખાના D માટે, પરીક્ષા કોડનો ઉપયોગ કરે છે તો તમારા પ્રોક્ટર કહેશે:*

- ખાના Dમાં મેં તમને પોસ્ટ કરેલ છે તે પરીક્ષા ખંડનો કોડ લખો, પછી બબલ્સ ભરો.

*જો તમારી શાળા, ખાના E માટે વૈકલ્પિક કોડ્સનો ઉપયોગ કરે છે તો તમારા પ્રોક્ટર કહેશે:*

- ખાના E માટે જેમને દરેક કોડ આપવામાં આવેલ છે તે વિદ્યાર્થીઓના નામ હું મોટેથી વાંચીશ. જ્યારે તમે તમારું નામ સાંભળો ત્યારે મેં તમારા ગ્રુપ માટે જાહેર કરેલ કોડ દાખલ કરો. મેં તમને કયો કોડ આપ્યો એનું તમે મને પુનરાવર્તન કરાવવા ઈચ્છતા હો તો તમારો હાથ ઊંચો કરો. જો તમે આ શાળામાં હાજરી આપતા નથી તો ખાનુ E કોરું છોડી દો.

*જ્યારે બધા તૈયાર હશે ત્યારે તમારા પ્રોક્ટર કહેશે:*

- હું થોડા આખરી મુદ્દાઓ વાંચી લઉં પછી થોડી મિનિટમાં તમે પરીક્ષા શરૂ કરશો.

  પરીક્ષા દરમિયાન તમારી ઉત્તરવહી અને પરીક્ષા પુસ્તિકાને તમારા ડેસ્ક પર સમતલ રીતે મુકો. જો તમને તમારી ઉત્તરવહી અથવા પરીક્ષા પુસ્તિકા , જેમ કે ગુમ થયેલ પૃષ્ઠ, સાથે કંઈક ખોટું લાગે છે તો તે સમયે તમારો હાથ ઊંચો કરો. તમારી પ્રગતિ તપાસવા માટે હું પરીક્ષા ખંડની આસ-પાસ આંટો મારીશ.

  PSAT 8/9 માટે તમે એક સમયે માત્ર એક જ વિભાગ પર કામ કરી શકો છો. જ્યાં સુધી કહેવામા ન આવે ત્યાં સુધી તમને આગળના વિભાગ પર જવાની મંજૂરી નથી. તમે જેનાથી ટેવાયેલા હતા તેનાથી આ અલગ હોઈ શકે, તેથી જો તમે હાલનો વિભાગ પૂર્ણ કરી લો તો પણ અન્ય વિભાગ પર આગળ ન જાઓ કે પાછળ ન જુઓ.

  ક્યારેય ઉત્તરવહીઓ અને પરીક્ષા પુસ્તિકાઓ પરીક્ષા ખંડમાંથી બહાર ન લઈ જવી ફરજિયાત છે.

  જો તમને પરીક્ષાની પ્રક્રિયા વિષે કોઈપણ પ્રશ્ન હોય તો કૃપા કરીને અત્યારે જ મને પૂછો. હું પરીક્ષા માટે ફાળવેલ સમય દરમિયાન પ્રશ્નોના જવાબ આપવા માટે સક્ષમ હોઈશ નહીં.

## 1.5 મુખ્ય પૃષ્ઠ નિર્દેશો

નીચે આપેલ તમારી પરીક્ષા પુસ્તિકાનાં મુખપૃષ્ઠનું ભાષાંતર છે.

**મહત્ત્વપૂર્ણ રિમાઈન્ડરો**

1

નં. 2 પેન્સિલ પરીક્ષા માટે આવશ્યક છે. યાંત્રિક પેન્સિલ અથવા પેન નો ઉપયોગ કરશો નહીં.

2

કોઈપણ સાથે પરીક્ષા પ્રશ્નો અથવા જવાબો વહેંચવા એ અમારા નિયમો અને શરતોનું ઉલ્લંઘન છે. જો તમે અમારી શરતો અને નીતિ નિયમોનું ઉલ્લંઘન કરશો તો અમે તમારું ગુણાંકન રદ કરી શકીએ છીએ અને તમને ભવિષ્યની પરીક્ષાઓ આપવાથી અટકાવી શકીએ છીએ.

આ પરીક્ષા પુસ્તિકા ખંડમાંથી બહાર ન લઈ જવી ફરજિયાત છે. આ પરીક્ષા પુસ્તિકાનાં કોઈપણ ભાગનું અનધિકૃત પુનર્નિર્માણ અથવા ઉપયોગ પ્રતિબંધિત છે.

© 2020 College Board. College Board અને એકોર્ન લોગો એ College Boardના નોંધાયેલા ટ્રેડમાર્ક્સ છે. PSAT એ College Boardની માલિકીનો ટ્રેડમાર્ક છે.

## 1.6 અંતિમ પૃષ્ઠ નિર્દેશો

નીચે આપેલ તમારી પરીક્ષા પુસ્તિકાનાં અંતિમ પૃષ્ઠનું ભાષાંતર છે. જ્યારે સૂચના અપાય, ત્યારે પરીક્ષા પુસ્તિકામાં અથવા ઉત્તરવહીમાં લખવાનું રહેશે, આ દસ્તાવેજમાં નહીં.

તમારું નામ (છાપેલાં અક્ષરોમાં) ______________________________

અંતિમ નામ | પ્રથમ નામ | મધ્ય પ્રારંભિક

શાળા ______________________________

શાળાનો કોડ | શાળાનું નામ | પરીક્ષા કક્ષનો કોડ/નામ

# PSAT 8/9

### સામાન્ય નિર્દેશો

- તમે એક સમયે માત્ર એક વિભાગ પર જ કામ કરી શકો છો.
- નિર્ધારિત સમય પૂર્વે જો તમે વિભાગ પૂર્ણ કરી લો તો તે વિભાગનું તમારું કામ ચકાશો. તમે બીજા કોઈ વિભાગ તરફ જઈ શકો નહીં.

### જવાબો ચિહ્નિત કરવા

- તમારી ઉત્તરવહી યોગ્ય રીતે ચિહ્નિત કરવામાં સચેત રહો.

પૂર્ણ ચહ્નિ: અપૂર્ણ ચહ્નિો:



- તમારે નં. 2 પેન્સિલનો જ ઉપયોગ કરવાનો છે.
- પ્રત્યેક પ્રશ્ન માટે માત્ર એક જવાબ પર ધ્યાનથી ચિહ્ન કરો.
- નિશ્ચિત કરો કે તમે બબલ ઘાટા કાળા રંગે અને પૂર્ણપણે પૂરો છો.
- તમારી ઉત્તરવહી પર કોઈપણ આમ-તેમ ચિહ્નો ન કરો.
- જો તમે ભૂંસો છો તો તે પૂર્ણપણે ભૂંસો. અધુરું ભૂંસાયેલું આશય સાથે આપેલા જવાબ તરીકે ગુણાંકિત થઈ શકે છે.
- પ્રશ્ન સંખ્યા સાથે સંબંધિત જવાબનાં ખાલી સ્થાન નો જ ઉપયોગ કરો.

### તમારી પરીક્ષા પુસ્તિકાનો ઉપયોગ કરવો

- તમે કાચા કામ માટે પરીક્ષા પુસ્તિકાનો ઉપયોગ કરી શકો છો, પરંતુ તમને તમારી પરીક્ષા પુસ્તિકમાં લખેલ કોઈપણ વસ્તુ માટે ક્રેડિટ મળશે નહીં.
- સમય પૂર્ણ થયા પછી તમે પરીક્ષા પુસ્તિકામાંથી ઉત્તરવહીમાં જવાબની કોપી અથવા બબલ્સ ભરવાનું કામ કરી શકશો નહીં.
- તમે આ પુસ્તિકમાંથી કોઈપણ પૃષ્ઠ કે પૃષ્ઠનાં ભાગને વાળી અથવા હટાવી શકો નહીં, અથવા પરીક્ષાખંડથી પુસ્તિકા કે ઉત્તરવહી લઈ જઈ શકો નહીં.

### ગુણાંકન

- પ્રત્યેક સાચા જવાબ માટે તમને એક પોઈન્ટ મળશે.
- તમે ખોટા જવાબ માટે પોઈન્ટ્સ ખોતા નથી; તેથી તમને સાચા જવાબ વિશે ખાતરી ન હોય તો પણ તમારે પ્રત્યેક પ્રશ્નનો જવાબ આપવાનો પ્રયાસ કરવો જોઈએ.

**મહત્વનું**

**તમારી પરીક્ષા પુસ્તિકા માટે નીચેના કોડ વિશિષ્ટ છે. તમારી ઉત્તરવહીમાં ખાના A અને B માં તેમની કોપી કરો અને દર્શાવ્યા પ્રમાણે સંબંધિત બબલ્સ યોગ્ય રીતે ભરો.**







આ પરીક્ષા માટે ફકરા માં વિચારો આપેલા છે, જેમાંથી કેટલાક પ્રકાશિત સામગ્રીમાંથી આત્મસાત્ કરેલ અથવા સ્વીકાર કરેલ છે, તે College Board નાં મતનું પ્રતિનિધિત્વ કરતા હોય તે આવશ્યક નથી.

**જ્યાં સુધી પ્રોક્ટર ન કહે ત્યાં સુધી આ પુસ્તિકાને ખોલશો નહીં.**

## 2 વિભાગ 1: વાંચન પરીક્ષા

વિભાગ 1 માટે પ્રમાણભૂત સમય **55 મિનિટ** છે, જેમાં **5 મિનિટનો વિરામ** વિભાગનાં અંતે છે. જો તમે મંજૂરી પ્રાપ્ત સુવિધા સાથે પરીક્ષા આપી રહ્યા છો તો તમારો સમય અને વિરામ ભિન્ન હોઈ શકે છે. કૃપા કરીને તમારા પ્રોક્ટર દ્વારા થતી ઘોષણાઓ ધ્યાનથી સાંભળો. પરીક્ષા પુસ્તિકાનાં નિર્દેશોનું ભાષાંતર ભાષાંતરિત કરીને બોલાયેલ નિર્દેશો બાદ દેખાય છે.

*જ્યારે બધા તૈયાર હશે ત્યારે તમારા પ્રોક્ટર કહેશે:*

આપણે વિભાગ 1, વાંચવાની પરીક્ષાથી પરીક્ષા શરુ કરીશું. આપણે એક વાર શરૂ કરીએ પછી, વિભાગ 1 પર કામ કરવા માટે તમારી પાસે 55 મિનિટ હશે. આ વિભાગનાં પૂર્ણ થયા પછી આપણે 5-મિનિટનો વિરામ લઈશું. હું શરૂ કરવાનો અને પૂરું કરવાનો સમય પોસ્ટ કરીશ, અને જ્યારે આપણે વિભાગમાં અડધે સુધી પહોંચી જઈએ અને જ્યારે 5 મિનિટ બાકી હશે ત્યારે હું તમને જણાવીશ.

કૃપા કરીને પૃષ્ઠ 3 પર તમારી ઉત્તરવહીના વિભાગ 1 પર જાઓ. હું તમને કહું નહીં ત્યાં સુધી કામ ચાલુ કરશો નહીં. તમારી ઉત્તરવહી અને પરીક્ષા પુસ્તિકાને તમારા ડેસ્ક પર સમતલ રીતે રાખો. પૃષ્ઠોને પાછળની તરફ વાળશો નહીં. ઉત્તરવહીમાં વિભાગ 1માં તમારા ઉત્તરોને ચિહ્નિત કરવા માટે ખાતરી કરી લો કે તમારા ઉત્તરો દરેક ક્રમાંકિત પ્રશ્ન માટે સાચી જગ્યાઓએ છે. જો તમે તેના પર ફરી પરત આવવા માટે પ્રશ્નને છોડી દો છો તો ખાતરી કરો કે તમે ઉત્તરવહીમાં તે લીટી કોરી છોડો છો. જો તમે તમારો જવાબ બદલો છો તો જેટલું બને તેટલું પૂર્ણપણે ભુસી નાંખો.

હું સમય પૂર્ણ થયાનું કહું તે પહેલા જો તમે પૂર્ણ કરી નાંખો છો તો તમે આ વિભાગમાં તમારું કાર્ય તપાસી શકો છો, પરંતુ તમે કોઈ અન્ય વિભાગમાં જઈ શકો નહીં. તમે ખોટા જવાબો માટે પોઇંટ્સ ગુમાવશો નહીં, તેથી તમને ભલે સાચા જવાબની સ્પષ્ટતા ન હોય તો પણ તમે દરેક પ્રશ્નનો જવાબ આપો.

હવે, કૃપા કરીને તમારી પરીક્ષા પુસ્તિકામાં વિભાગ 1 ખોલો. નિર્દેશો વાંચો, અને કાર્ય શરુ કરો. અભિનંદન, દરેકને. હવે સમય આરંભ થાય છે.

*30 મિનિટ પછી તમારા પ્રોક્ટર કહેશે:*

વિભાગ 1 માં તમારી પાસે 25 મિનિટ બાકી છે.

*50 મિનિટ પછી તમારા પ્રોક્ટર કહેશે:*

વિભાગ 1 માં તમારી પાસે 5 મિનિટ બાકી છે.

*બરાબર 55 મિનિટ પછી તમારા પ્રોક્ટર કહેશે:*

કૃપા કરીને કામ બંધ કરો અને તમારી પેન્સિલ નીચે મુકો.

વિરામ પછી જલ્દીથી તમને તમારું સ્થળ શોધવામાં મદદ મળે તે માટે, જ્યાં તમે કામ કરવાનું બંધ કર્યું હતું ત્યાં તમારી પરીક્ષા પુસ્તિકામાં પાનાની ટોચ પર તમારી ઉત્તરવહી મૂકો. તમારી પરીક્ષા પુસ્તિકાને બંધ કરીને તમારા ડેસ્ક પર તેને છોડી દો.

*વિરામ માટે તમારા પ્રોક્ટર કહેશે:*

આપણે હળવા થવા માટે 5 મિનિટના વિરામ માટે હવે રોકાઈશું. વિરામ દરમિયાન પરીક્ષાના પ્રશ્નોની ચર્ચા કરશો નહીં અથવા પરવાનગી વિના પરીક્ષા ખંડ છોડશો નહીં.

તમે પરીક્ષા દરમિયાન આ વિરામ અથવા કોઈપણ અન્ય વિરામ પર ફોન અથવા કોઈપણ અન્ય ઇલેક્ટ્રોનિક ઉપકરણનો એક્સેસ અથવા તેમનો ઉપયોગ કરી શકતા નથી. પરીક્ષા પૂર્ણ થાય ત્યાં સુધી તમામ ફોન અને અન્ય ઉપકરણો બંધ રાખવા અને તેમને દૂર રાખવા આવશ્યક છે.

જો હું તમને પરીક્ષા ખંડ છોડવાની મંજૂરી આપું છું તો આ નિયમોનું પાલન કરો:

- માત્ર નિર્ધારિત કરેલા સ્થાનો, અડધે માર્ગે, અથવા વિરામખંડમાં જ જાઓ.
- કૃપા કરીને અન્ય ખંડોમાં કાર્ય કરી રહેલા વિદ્યાર્થીઓ માટે ગંભીર રહો અને અડધે પહોંચીને વાત ન કરો.
- જો તમે નાસ્તો લાવ્યા છો તો પૂર્વનિર્ધારિત સ્થાનમાં બેસીને જ કરી શકો છો.

બરાબર 5 મિનિટમાં આપણે ફરીથી પરીક્ષા આરંભ કરીશું.

## 2.1 વિભાગ 1 પરીક્ષા પુસ્તિકા નિર્દેશો

નીચે આપેલ એ તમારી પરીક્ષા પુસ્તિકાના વિભાગ 1ની શરૂઆતમાં જોવા મળતા નિર્દેશોનું ભાષાંતર છે.

---

**55 મિનિટ, 42 પ્રશ્નો (પ્રમાણભૂત સમય)**

**આ વિભાગના પ્રશ્નોના જવાબ માટે તમારા ઉત્તરવહીના વિભાગ 1 તરફ જાઓ.**

**નિર્દેશો**

નીચે આપેલા પ્રત્યેક ફકરા અથવા ફકરાની જોડી દ્વારા ઘણા બધા પ્રશ્નો અનુસરવામાં આવે છે. પ્રત્યેક ફકરા અથવા જોડીને વાંચ્યા પછી, ફકરા અથવા આનુષંગીક આકૃતિઓ (જેવી કે ટેબલ અથવા ગ્રાફ) માં જે કહેવામા આવેલું છે અથવા ગર્ભિત છે તેના આધારે દરેક પ્રશ્નના સર્વશ્રેષ્ઠ જવાબની પસંદગી કરો.

---

## 2.2 વિભાગો વચ્ચે વિરામ

*વિરામનાં અંતે તમારા પ્રોક્ટર કહેશે:*

કૃપા કરીને તમારું સ્થાન ગ્રહણ કરો. જ્યાં સુધી હું તમને ન કહું ત્યાં સુધી પરીક્ષા પુસ્તિકાને ખોલશો નહીં.

# 3 વિભાગ 2: લેખન અને ભાષા પરીક્ષા

વિભાગ 2 માટે પ્રમાણભૂત સમય **30 મિનિટ છે**. જો તમે મંજૂરી પ્રાપ્ત સુવિધા સાથે પરીક્ષા આપી રહ્યા છો તો તમારો સમય અને વિરામ ભિન્ન હોઈ શકે છે. કૃપા કરીને તમારા પ્રોક્ટર દ્વારા થતી ઘોષણાઓ ધ્યાનથી સાંભળો. પરીક્ષા પુસ્તિકાનાં નિર્દેશોનું ભાષાંતર ભાષાંતરિત કરીને બોલાયેલ નિર્દેશો બાદ દેખાય છે.

*જ્યારે બધા તૈયાર હશે ત્યારે તમારા પ્રોક્ટર કહેશે:*

આપણે હવે વિભાગ 2 તરફ જઈશું, લેખિત અને ભાષાકીય પરીક્ષા. આપણે એક વાર શરૂ કરીએ પછી, વિભાગ 2 પર કામ કરવા માટે તમારી પાસે 30 મિનિટ હશે. હું શરૂ કરવાનો અને પૂરું કરવાનો સમય પોસ્ટ કરીશ, અને જ્યારે આપણે વિભાગમાં અડધે સુધી પહોંચી જઈએ અને જ્યારે 5 મિનિટ બાકી હશે ત્યારે હું તમને જણાવીશ.

તમારી ઉત્તરવહી લઈ લો અને તમારી ઉત્તરવહી પર વિભાગ 2 જુઓ. હું તમને કહું નહીં ત્યાં સુધી કામ ચાલુ કરશો નહીં. તમારી ઉત્તરવહી અને પરીક્ષા પુસ્તિકાને તમારા ડેસ્ક પર સમતલ રીતે રાખો. પૃષ્ઠોને પાછળની તરફ વાળશો નહીં. ઉત્તરવહીમાં વિભાગ 2માં તમારા ઉત્તરોને ચિહ્નિત કરવા માટે ખાતરી કરી લો કે તમારા ઉત્તરો દરેક ક્રમાંકિત પ્રશ્ન માટે સાચી જગ્યાઓએ છે.

હું સમય પૂર્ણ થયાનું કહું તે પહેલા જો તમે પૂર્ણ કરી નાંખો છો તો તમે આ વિભાગમાં તમારું કાર્ય તપાસી શકો છો, પરંતુ તમે કોઈ અન્ય વિભાગમાં જઈ શકો નહીં.

હવે, કૃપા કરીને તમારી પરીક્ષા પુસ્તિકામાં વિભાગ 2 ખોલો. નિર્દેશો વાંચો, અને કાર્ય શરુ કરો. હવે સમય આરંભ થાય છે.

*15 મિનિટ પછી તમારા પ્રોક્ટર કહેશે:*

વિભાગ 2 માં તમારી પાસે 15 મિનિટ બાકી છે.

*25 મિનિટ પછી તમારા પ્રોક્ટર કહેશે:*

વિભાગ 2 માં તમારી પાસે 5 મિનિટ બાકી છે.

*બરાબર 30 મિનિટ પછી તમારા પ્રોક્ટર કહેશે:*

કૃપા કરીને કામ બંધ કરો અને તમારી પેન્સિલ નીચે મુકો.

વિરામ પછી જલ્દીથી તમને તમારું સ્થળ શોધવામાં મદદ મળે તે માટે, જ્યાં તમે કામ કરવાનું બંધ કર્યું હતું ત્યાં તમારી પરીક્ષા પુસ્તિકામાં પાનાની ટોચ પર તમારી ઉત્તરવહી મૂકો. તમારી પરીક્ષા પુસ્તિકાને બંધ કરીને તમારા ડેસ્ક પર તેને છોડી દો.

## 3.1 વિભાગ 2 પરીક્ષા પુસ્તિકા નિર્દેશો

નીચે આપેલ એ તમારી પરીક્ષા પુસ્તિકાના વિભાગ 2ની શરૂઆતમાં જોવા મળતા નિર્દેશોનું ભાષાંતર છે.

**30 મિનિટ, 40 પ્રશ્નો (પ્રમાણભૂત સમય)**

**આ વિભાગના પ્રશ્નોના જવાબ માટે તમારા ઉત્તરવહીના વિભાગ 2 તરફ જાઓ.**

**નિર્દેશો**

નીચે આપેલો પ્રત્યેક ફકરો અનેક પ્રશ્નો સાથે જોડાયેલો છે. કેટલાક પ્રશ્નો માટે, વિચારોની અભિવ્યક્તિને સુધારવા માટે તમે કેવી રીતે ફકરામાં સુધારો કરી શકાય તે ધ્યાનમાં લેશો. અન્ય પ્રશ્નો માટે તમે ફકરામાં વાક્યના માળખા, વપરાશ, અથવા વિરામચિહ્નોમાં ભૂલો સુધારવા માટે કેવી રીતે ફેરફાર કરી શકાય તે ધ્યાને લેશો. એક ફકરો અથવા પ્રશ્ન એક અથવા વધુ આકૃતિ (જેમ કે ટેબલ અથવા ગ્રાફ) ધરાવી શકે છે કે જેને તમે સુધારતી અથવા તેમાં ફેરફાર કરતી વખતે ધ્યાને લેશો.

અમુક પ્રશ્નો તમને ફકરાની નીચે લીટી કરેલા ભાગ તરફ દોરશે. અન્ય પ્રશ્નો તમને ફકરાના સ્થળ તરફ દોરશે અથવા તમને સંપૂર્ણ ફકરા વિશે વિચારવા માટે પૂછશે.

પ્રત્યેક ફકરાને વાંચ્યા પછી ફકરામાં લખવાની ગુણવત્તાને યોગ્ય રીતે વધારે અથવા જે પ્રમાણભૂત લેખિત અંગ્રેજીનાં નિયમોએ અનુરૂપ બનાવે તેવા દરેક પ્રશ્નનો જવાબ પસંદ કરો. ઘણા બધા પ્રશ્નો માં “NO CHANGE” ("કોઈ પરિવર્તન નહીં") વિકલ્પ સમાવિષ્ટ છે. જો સંબંધિત ફકરાનો કોઈ ભાગ જેમનો તેમ જ યોગ્ય છે એમ તમે વિચારો છો તો તે વિકલ્પની પસંદગી કરો.

# 4 વિભાગ 3: ગણિત પરીક્ષા - કેલ્ક્યુલેટર નહીં

વિભાગ 3 માટે પ્રમાણભૂત સમય **20 મિનિટ** છે, જેમાં **5 મિનિટનો વિરામ** વિભાગનાં અંતે છે. જો તમે મંજૂરી પ્રાપ્ત સુવિધા સાથે પરીક્ષા આપી રહ્યા છો તો તમારો સમય અને વિરામ ભિન્ન હોઈ શકે છે. કૃપા કરીને તમારા પ્રોક્ટર દ્વારા થતી ઘોષણાઓ ધ્યાનથી સાંભળો. પરીક્ષા પુસ્તિકાનાં નિર્દેશોનું ભાષાંતર ભાષાંતરિત કરીને બોલાયેલ નિર્દેશો બાદ દેખાય છે.

*જ્યારે બધા તૈયાર હશે ત્યારે તમારા પ્રોક્ટર કહેશે:*

આપણે હવે વિભાગ 3 પર જઈશું, કેલ્યુલેટર વિના ગણિત પરીક્ષા. આપણે એક વાર શરૂ કરીએ પછી, વિભાગ 3 પર કામ કરવા માટે તમારી પાસે 20 મિનિટ હશે. આ વિભાગનાં પૂર્ણ થયા પછી આપણે 5-મિનિટનો વિરામ લઈશું. હું શરૂ કરવાનો અને પૂરું કરવાનો સમય પોસ્ટ કરીશ, અને જ્યારે આપણે વિભાગમાં અડધે સુધી પહોંચી જઈએ અને જ્યારે 5 મિનિટ બાકી હશે ત્યારે હું તમને જણાવીશ.

તમારી ઉત્તરવહી લઈ લો અને તમારી ઉત્તરવહી પર વિભાગ 3 જુઓ. હું તમને કહું નહીં ત્યાં સુધી કામ ચાલુ કરશો નહીં. તમારી ઉત્તરવહી અને પરીક્ષા પુસ્તિકાને તમારા ડેસ્ક પર સમતલ રીતે રાખો. પૃષ્ઠોને પાછળની તરફ વાળશો નહીં. ઉત્તરવહીમાં વિભાગ 3માં તમારા ઉત્તરોને ચિહ્નિત કરવા માટે ખાતરી કરી લો કે તમારા ઉત્તરો દરેક ક્રમાંકિત પ્રશ્ન માટે સાચી જગ્યાઓએ છે.

મોટાભાગના પ્રશ્નો બહુવિધ વિકલ્પના છે પરંતુ છેલ્લા કેટલાક પ્રશ્નો "Student-Produced Responses" ("વિદ્યાર્થી દ્વારા-ઉપાર્જિત જબાવો") છે. આ પ્રશ્નોનાં તમારા જવાબો દાખલ કરવા માટે નિર્દેશો તમારી પરીક્ષા પુસ્તિકામાં છે. કેટલાક જવાબો તમામ 4 સ્પેસનો ઉપયોગ નથી કરતાં તેમ છતાં તમારા જવાબોની નોંધ કરવા માટે તમારે 4 સ્પેસ કરતાં વધારે સ્પેસની જરૂર ક્યારેય પડશે નહીં. જો તમને તમારી પરીક્ષા પુસ્તિકામાં તમારા જવાબો નોંધવા માટે પરવાનગી ન હોય તો ખાતરી કરી લો કે તમે તમારા જવાબો સ્પષ્ટ રીતે ચિહ્નિત કરો છો (દાખલા તરીકે, તમારા અંતિમ જવાબ પર કુંડાળું કરો).

આ ભાગ ગણિતની પરીક્ષા હોવા છતાં જો તમને 4-ફંક્શન કેલ્યુકેટરને એક સુવિધા તરીકે ઉપયોગ કરવાની પરવાનગી ન મળી હોય તો તમને કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરવા માટે પરવાનગી નથી. નહિતર, કૃપા કરીને તમારું કેલ્ક્યુલેચર તમારા ડેસ્કની નીચે રાખો.

હું સમય પૂર્ણ થયાનું કહું તે પહેલા જો તમે પૂર્ણ કરી નાંખો છો તો તમે આ વિભાગમાં તમારું કાર્ય તપાસી શકો છો, પરંતુ તમે કોઈ અન્ય વિભાગમાં જઈ શકો નહીં.

હવે, કૃપા કરીને તમારી પરીક્ષા પુસ્તિકામાં વિભાગ 3 ખોલો. નિર્દેશો વાંચો, અને કાર્ય શરુ કરો. હવે સમય આરંભ થાય છે.

*10 મિનિટ પછી તમારા પ્રોક્ટર કહેશે:*

વિભાગ 3 માં તમારી પાસે 10 મિનિટ બાકી છે.

*15 મિનિટ પછી તમારા પ્રોક્ટર કહેશે:*

વિભાગ 3 માં તમારી પાસે 5 મિનિટ બાકી છે.

*બરાબર 20 મિનિટ પછી તમારા પ્રોક્ટર કહેશે:*

કૃપા કરીને કામ બંધ કરો અને તમારી પેન્સિલ નીચે મુકો.

વિરામ પછી જલ્દીથી તમને તમારું સ્થળ શોધવામાં મદદ મળે તે માટે, જ્યાં તમે કામ કરવાનું બંધ કર્યું હતું ત્યાં તમારી પરીક્ષા પુસ્તિકામાં પાનાની ટોચ પર તમારી ઉત્તરવહી મૂકો. તમારી પરીક્ષા પુસ્તિકાને બંધ કરીને તમારા ડેસ્ક પર તેને છોડી દો.

*વિરામ માટે તમારા પ્રોક્ટર કહેશે:*

આપણે હળવા થવા માટે 5 મિનિટના વિરામ માટે હવે રોકાઈશું. વિરામ દરમિયાન પરીક્ષાના પ્રશ્નોની ચર્ચા કરશો નહીં અથવા પરવાનગી વિના પરીક્ષા ખંડ છોડશો નહીં.

બરાબર 5 મિનિટમાં આપણે ફરીથી પરીક્ષા આરંભ કરીશું.

## 4.1 વિભાગ 3 પરીક્ષા પુસ્તિકા નિર્દેશો

નીચે આપેલ એ તમારી પરીક્ષા પુસ્તિકાના વિભાગ 3ની શરૂઆતમાં જોવા મળતા નિર્દેશોનું ભાષાંતર છે.

**20 મિનિટ, 13 પ્રશ્નો (પ્રમાણભૂત સમય)**

**આ વિભાગના પ્રશ્નોના જવાબ માટે તમારા ઉત્તરવહીના વિભાગ 3 તરફ જાઓ.**

**નિર્દેશો**

**પ્રશ્નો 1-10** માટે, તમામ પ્રશ્નોના જવાબ શોધો, આપલે વિકલ્પોમાંથી શ્રેષ્ઠતમ જવાબની પસંદગી કરો અને તમારી ઉત્તરવહીમાં સંબંધિત બબલ ભરો. **પ્રશ્નો 11-13** માટે, પ્રશ્નનો જવાબ શોધો અને તમારો જવાબ ઉત્તરવહી પર ગ્રીડમાં દાખલ કરો. કૃપા કરીને પ્રશ્ન 11 પહેલા કેવી રીતે તમારા જવાબો ગ્રિડમાં દાખલ કરવા તેના માટે નિર્દેશો વાંચો. કાચા કામ માટે તમારી પરીક્ષા પુસ્તિકામાં ઉપલબ્ધ કોઈપણ ખાલી જગ્યાનો ઉપયોગ કરી શકો છો.

**નોંધો**

1. કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરવાની **મંજૂરી નથી.**
2. અન્યથા સૂચવવામાં ન આવેલ હોય તે સિવાય વપરાયેલ બધા ચલો અને અભિવ્યક્તિઓ વાસ્તવિક સંખ્યાઓને રજૂ કરે છે.
3. અન્યથા સૂચવવામાં ન આવેલ હોય તે સિવાય આ પરીક્ષામાં આપેલ આકૃતિઓ માપન માટે આપવામાં આવી છે.
4. અન્યથા સૂચવવામાં ન આવેલ હોય તે સિવાય તમામ અંકો સમતલ રહે છે.
5. અન્યથા સૂચવવામાં ન આવેલ હોય તે સિવાય આપેલા $f$ ફંક્શનનું ક્ષેત્ર એ તમામ વાસ્તવિક સંખ્યાઓનો સમૂહ $x$ કે જેના માટે $f(x)$ એક વાસ્તવિક સંખ્યા છે.

**સંદર્ભ**




$A = \pi r^2$
$C = 2\pi r$

$A = \ell w$

$A = \frac{1}{2}bh$

$c^2 = a^2 + b^2$

વશિષ અધિકાર ત્રિકોણ




$V = \ell wh$

$V = \pi r^2 h$

$V = \frac{4}{3}\pi r^3$

$V = \frac{1}{3}\pi r^2 h$

$V = \frac{1}{3}\ell wh$

એક વર્તુળમાં ચાપનાં અંશની સંખ્યા 360 છે.
એક વર્તુળમાં ચાપની ત્રિજ્યાની સંખ્યા $2\pi$ છે.
એક ત્રિકોણનાં ખૂણાઓનાં અંશોમાં માપણીનો સરવાળો 180 છે.

### નિર્દેશો

**11-13 પ્રશ્નો માટે**, પ્રશ્નનો જવાબ શોધો અને નીચે દર્શાવ્યા પ્રમાણે તમારો જવાબ ઉત્તરવહી પર ગ્રીડમાં દાખલ કરો.

1. જો કે આવશ્યકતા નથી, પરંતુ પરામર્શ આપવામાં આવે છે કે બબલ્સને યોગ્યરીતે ભરવામાં સહાયતા માટે કૉલમના ઉપરના ભાગે ખાનામાં તમારા જવાબ લખો. જો તમે બબલ્સ યોગ્ય રીતે ભર્યા હશે તો જ તમને ક્રેડિટ મળશે.

2. કોઈપણ કોલમમાં એક બબલ થી વધુ પર ચિહ્નિત ન કરો.

3. કોઈપણ પ્રશ્ન માટે નકારાત્મક જવાબ નથી.

4. કેટલાક પ્રશ્નોનાં એક કરતા વધુ સાચાં જવાબો હોઈ શકે છે. આવા કિસ્સામાં, માત્ર એક જ ઉત્તરને ગ્રિડ કરો.
5. **મિશ્રિત સંખ્યાઓ** જેમ કે $3\frac{1}{2}$ ને 3.5 અથવા 7/2 નાં રૂપમાં જ ગ્રીડ કરવા જોઈએ. (જો 

ગ્રિડમાં દાખલ કરવામાં આવે છે તો તેનું $\frac{31}{2}$ તરીકે અર્થઘટન થશે, $3\frac{1}{2}$ તરીકે નહીં.)
6. **દશાંશ ઉત્તરો:** જો ગ્રીડમાં સમાવી શકાય તેના કરતાં વધુ આંકડા વાળા દશાંશ જવાબો તમે મેળવો છો તો કાંતો તેમાં ઉમેરો કરવામાં આવે છે અથવા તેને કાપવામાં આવી શકે છે, પરંતુ તે પૂર્ણ ગ્રીડ ભરે તે અનિવાર્ય છે.




ગ્રિડ $\frac{2}{3}$ માટે સ્વીકૃત માર્ગો છે:




જવાબ: 201 – કાં તો સ્થિતિમાંથી છે




ટિપ્પણી:
તમે અનુમતિ આપેલા કોઈપણ કોલમમાં તમારા ઉત્તરોનો આરંભ કરી શકો છો. જે કોલમોનો ઉપયોગ કરવાની તમને જરૂર ન હોય તેને ખાલી મૂકી દેવી જોઈએ.

## 4.2 વિભાગો વચ્ચે વિરામ

*વિરામનાં અંતે તમારા પ્રોક્ટર કહેશે:*

 કૃપા કરીને તમારું સ્થાન ગ્રહણ કરો. જ્યાં સુધી હું તમને ન કહું ત્યાં સુધી પરીક્ષા પુસ્તિકાને ખોલશો નહીં.

## 5 વિભાગ 4: ગણિત પરીક્ષા - કેલ્ક્યુલેટર

વિભાગ 4 માટે પ્રમાણભૂત સમય **40 મિનિટ છે**. જો તમે મંજૂરી પ્રાપ્ત સુવિધા સાથે પરીક્ષા આપી રહ્યા છો તો તમારો સમય અને વિરામ ભિન્ન હોઈ શકે છે. કૃપા કરીને તમારા પ્રોક્ટર દ્વારા થતી ઘોષણાઓ ધ્યાનથી સાંભળો. પરીક્ષા પુસ્તિકાનાં નિર્દેશોનું ભાષાંતર ભાષાંતરિત કરીને બોલાયેલ નિર્દેશો બાદ દેખાય છે.

*જ્યારે તમામ વિદ્યાર્થીઓ તૈયાર હશે ત્યારે તમારા પ્રોક્ટર કહેશે:*

આપણે હવે વિભાગ 4 પર જઈશું, કેલ્યુલેટર વિના ગણિત પરીક્ષા. આ પરીક્ષણનો છેલ્લો વિભાગ છે - તમે લગભગ પૂર્ણ કરી લીધું છે. આપણે એક વાર શરૂ કરીએ પછી, વિભાગ 4 પર કામ કરવા માટે તમારી પાસે 40 મિનિટ હશે. હું શરૂ કરવાનો અને પૂરું કરવાનો સમય પોસ્ટ કરીશ, અને જ્યારે આપણે વિભાગમાં અડધે સુધી પહોંચી જઈએ અને જ્યારે 5 મિનિટ બાકી હશે ત્યારે હું તમને જણાવીશ.

તમે આ વિભાગ માટે કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરી શકો છો; જો તમારી પાસે કેલ્ક્યુલેટર છે તો કૃપા કરીને હવે તેને તમારા ડેસ્ક પર મૂકો. આ વિભાગ માટે તમને કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરવાની મંજૂરી હોવા છતાં પણ, બધા પ્રશ્નોના જવાબ કેલ્ક્યુલેટર વિના આપી શકાય તેમ છે. જો તમે કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરો છો તો આ માર્ગદર્શિકાઓને અનુસરવાનું યાદ રાખો.

- તમારા ડેસ્ક પર તેને સપાટ સ્થિતિમાં મુકો અથવા એને એવી રીતે પકડો કે અન્ય વિદ્યાર્થિઓ તમારું કામ જોઈ ન શકે.
- તમારુ કેલ્ક્યુલેટર કોઈને આપો નહીં કે તેની અદલાબદલી ન કરો.
- જો તમે બેકઅપ માટે કેલ્ક્યુલેટર અથવા બેટરી લાવ્યા છો, તો તેને તમારા ડેસ્કની નીચેનાં ભાગમાં મુકો.
- જો તમારું કેલ્ક્યુલેટર ખામીયુક્ત થાય છે અને તમારી પાસે બેટરી અથવા બેકઅપ કેલ્ક્યુલેટર છે તો તમારો હાથ ઊંચો કરો. હું તમારી સહાય માટે આવીશ. જો તમારી પાસે બેકઅપ નથી તો પરીક્ષા આપવાનું ચાલુ રાખો અને કરી શકો એટલુ શ્રેષ્ઠ કરો.

તમારી ઉત્તરવહી લઈ લો અને તમારી ઉત્તરવહી પર વિભાગ 4 જુઓ. હું તમને કહું નહીં ત્યાં સુધી કામ ચાલુ કરશો નહીં. તમારી ઉત્તરવહી અને પરીક્ષા પુસ્તિકાને તમારા ડેસ્ક પર સમતલ રીતે રાખો. પૃષ્ઠોને પાછળની તરફ વાળશો નહીં. ઉત્તરવહીમાં વિભાગ 4માં તમારા ઉત્તરોને ચિહ્નિત કરવા માટે ખાતરી કરી લો કે તમારા ઉત્તરો દરેક ક્રમાંકિત પ્રશ્ન માટે સાચી જગ્યાઓએ છે.

મોટાભાગના પ્રશ્નો બહુવિધ વિકલ્પના છે પરંતુ છેલ્લા કેટલાક પ્રશ્નો "Student-Produced Responses” (“વિદ્યાર્થી દ્વારા-ઉપાર્જિત જબાવો”) છે. આ પ્રશ્નોનાં તમારા જવાબો દાખલ કરવા માટે નિર્દેશો તમારી પરીક્ષા પુસ્તિકામાં છે. કેટલાક જવાબો તમામ 4 સ્પેસનો ઉપયોગ નથી કરતાં તેમ છતાં તમારા જવાબોની નોંધ કરવા માટે તમારે 4 સ્પેસ કરતાં વધારે સ્પેસની જરૂર ક્યારેય પડશે નહીં. જો તમને તમારી પરીક્ષા પુસ્તિકામાં તમારા જવાબો નોંધવા માટે પરવાનગી ન હોય તો ખાતરી કરી લો કે તમે તમારા જવાબો સ્પષ્ટ રીતે ચિહ્નિત કરો છો (દાખલા તરીકે, તમારા અંતિમ જવાબ પર કુંડાળું કરો).

હું સમય પૂર્ણ થયાનું કહું તે પહેલા જો તમે પૂર્ણ કરી નાંખો છો તો તમે આ વિભાગમાં તમારું કાર્ય તપાસી શકો છો, પરંતુ તમે કોઈ અન્ય વિભાગમાં જઈ શકો નહીં.

હવે, કૃપા કરીને તમારી પરીક્ષા પુસ્તિકામાં વિભાગ 4 ખોલો. નિર્દેશો વાંચો, અને કાર્ય શરુ કરો. હવે સમય આરંભ થાય છે.

*20 મિનિટ પછી તમારા પ્રોક્ટર કહેશે:*

વિભાગ 4 માં તમારી પાસે 20 મિનિટ બાકી છે.

*35 મિનિટ પછી તમારા પ્રોક્ટર કહેશે:*

વિભાગ 4 માં તમારી પાસે 5 મિનિટ બાકી છે.

*બરાબર 40 મિનિટ પછી તમારા પ્રોક્ટર કહેશે:*

કૃપા કરીને કામ બંધ કરો અને તમારી પેન્સિલ નીચે મુકો.

તમારી ઉત્તરવહી બંધ કરો જેથી પૃષ્ઠ 1 ટોચ પર રહે. તમારી પરીક્ષા પુસ્તિકા બંધ કરો અને તેને તમારી ઉત્તરવહીની ટોચ પર મૂકો.

## 5.1 વિભાગ 4 પરીક્ષા પુસ્તિકા નિર્દેશો

નીચે આપેલ એ તમારી પરીક્ષા પુસ્તિકાના વિભાગ 4ની શરૂઆતમાં જોવા મળતા નિર્દેશોનું ભાષાંતર છે.

---

**40 મિનિટ, 25 પ્રશ્નો (પ્રમાણભૂત સમય)**

**આ વિભાગના પ્રશ્નોના જવાબ માટે તમારા ઉત્તરવહીના વિભાગ 4 તરફ જાઓ.**

**નિર્દેશો**

**પ્રશ્નો 1-21** માટે, તમામ પ્રશ્નોના જવાબ શોધો, આપલે વિકલ્પોમાંથી શ્રેષ્ઠતમ જવાબની પસંદગી કરો અને તમારી ઉત્તરવહીમાં સંબંધિત બબલ ભરો. **પ્રશ્નો 22-25** માટે, પ્રશ્નનો જવાબ શોધો અને તમારો જવાબ ઉત્તરવહી પર ગ્રીડમાં દાખલ કરો. કૃપા કરીને પ્રશ્ન 22 પહેલા કેવી રીતે તમારા જવાબો ગ્રિડમાં દાખલ કરવા તેના માટે નિર્દેશો વાંચો. કાચા કામ માટે તમારી પરીક્ષા પુસ્તિકામાં ઉપલબ્ધ કોઈપણ ખાલી જગ્યાનો ઉપયોગ કરી શકો છો.

**નોંધો**

1. કેલ્ક્યુલેટર નાં ઉપયોગની **મંજૂરી** આપેલ છે.
2. અન્યથા સૂચવવામાં ન આવેલ હોય તે સિવાય વપરાયેલ બધા ચલો અને અભિવ્યક્તિઓ વાસ્તવિક સંખ્યાઓને રજૂ કરે છે.
3. અન્યથા સૂચવવામાં ન આવેલ હોય તે સિવાય આ પરીક્ષામાં આપેલ આકૃતિઓ માપન માટે આપવામાં આવી છે.
4. અન્યથા સૂચવવામાં ન આવેલ હોય તે સિવાય તમામ અંકો સમતલ રહે છે.
5. અન્યથા સૂચવવામાં ન આવેલ હોય તે સિવાય આપેલા $f$ ફંક્શનનું ક્ષેત્ર એ તમામ વાસ્તવિક સંખ્યાઓનો સમૂહ $x$ કે જેના માટે $f(x)$ એક વાસ્તવિક સંખ્યા છે.

**સંદર્ભ**




એક વર્તુળમાં ચાપનાં અંશની સંખ્યા 360 છે.
એક વર્તુળમાં ચાપની ત્રિજ્યાની સંખ્યા 2π છે.
એક ત્રિકોણનાં ખૂણાઓનાં અંશોમાં માપણીનો સરવાળો 180 છે.

## નિર્દેશો

**22-25 પ્રશ્નો માટે,** પ્રશ્નનો જવાબ શોધો અને નીચે દર્શાવ્યા પ્રમાણે તમારો જવાબ ઉત્તરવહી પર ગ્રીડમાં દાખલ કરો.

1. જો કે આવશ્યકતા નથી, પરંતુ પરામર્શ આપવામાં આવે છે કે બબલ્સને યોગ્યરીતે ભરવામાં સહાયતા માટે કૉલમના ઉપરના ભાગે ખાનામાં તમારા જવાબ લખો. જો તમે બબલ્સ યોગ્ય રીતે ભર્યા હશે તો જ તમને ક્રેડિટ મળશે.

2. કોઈપણ કોલમમાં એક બબલ થી વધુ પર ચિહ્નિત ન કરો.

3. કોઈપણ પ્રશ્ન માટે નકારાત્મક જવાબ નથી.

4. કેટલાક પ્રશ્નોનાં એક કરતા વધુ સાચાં જવાબો હોઈ શકે છે. આવા કિસ્સામાં, માત્ર એક જ ઉત્તરને ગ્રિડ કરો.

5. **મિશ્રિત સંખ્યાઓ** જેમ કે $3\frac{1}{2}$ ને 3.5 અથવા 7/2 નાં રૂપમાં જ ગ્રીડ કરવા જોઈએ. (જો  ગ્રિડમાં દાખલ કરવામાં આવે છે તો તેનું $\frac{31}{2}$ તરીકે અર્થઘટન થશે, $3\frac{1}{2}$ તરીકે નહીં.)

6. **દશાંશ ઉત્તરો:** જો ગ્રીડમાં સમાવી શકાય તેના કરતાં વધુ આંકડા વાળા દશાંશ જવાબો તમે મેળવો છો તો કાંતો તેમાં ઉમેરો કરવામાં આવે છે અથવા તેને કાપવામાં આવી શકે છે, પરંતુ તે પૂર્ણ ગ્રીડ ભરે તે અનિવાર્ય છે.




---

# 6 બરતરફી

*તમારા પ્રોક્ટર કહેશે:*

અભિનંદન—તમે હમણાં જ પરીક્ષા પૂર્ણ કરી. જ્યાં સુધી હું તમને જવા ન દઉં ત્યાં સુધી કૃપા કરીને તમારા સ્થાન પર શાંતિ થી બેસી રહો.

*પરીક્ષા સામગ્રીઓ એકત્રિત કરતાં પહેલા તમારા પ્રોક્ટર કહેશે:*

- હું તમારી પરીક્ષા સામગ્રીઓ એકત્રિત કરું એ પહેલા કૃપા કરીને તમારી ઉત્તરવહીને ફેરવો અને તપાસી લો કે તમે Form Code (ફોર્મ કોડ) ખાના A માં ભર્યો છે. આ Form Code (ફોર્મ કોડ) તમારી પરીક્ષાનાં ગુણાંકન માટે જરૂરી છે. તમે એ પણ તપાસી લો કે તમે ખાનુ B પણ ભર્યું છે.

  જો તમારી પરીક્ષા પુસ્તિકા અથવા અન્ય પરીક્ષા ફોર્મેટ મુખ્ય પૃષ્ઠ પર અનુક્રમ નંબર ધરાવતા હોય તો કૃપા કરીને ખાતરી કરી લો કે તમે ખાનુ C ભરેલું છે.

  જો તમને કોઈ પણ ખાના ભરવામાં મદદ જોઈતી હોય તો કૃપા કરીને તમારો હાથ ઊંચો કરો.

## 6.1 પરીક્ષા પુસ્તિકાઓ અને અન્ય પરીક્ષા સામગ્રીઓ એકત્રિત કરવી

*જ્યારે બધા તૈયાર હશે ત્યારે તમારા પ્રોક્ટર કહેશે:*

- હવે હું તમારી પરીક્ષા પુસ્તિકાઓનું વિતરણ કરીશ. કૃપા કરીને તમારી ઉત્તરવહીઓ ડેસ્ક પર સીધી રાખો અને શાંતિથી બેસો.

## 6.2 પૂર્ણ થઈ રહેલ છે

*બધા વિદ્યાર્થીઓને તમારા પ્રોક્ટર કહેશે:*

- જો હજુ પણ તમારે વ્યક્તિગત, પરીક્ષા સિવાયની માહિતી તમારી ઉત્તરવહીમાં ભરવાની હોય તો કૃપા કરીને તમારી ઉત્તરવહીને તમારી ડેસ્ક નીચે ઊંધી કરીને મૂકો. જ્યાં સુધી હું અન્ય વિદ્યાર્થીઓને છુટા કરું ત્યાં સુધી શાંતિ થી બેસો અને તમે ઉત્તરવહી પર કશું લખશો નહીં. થોડીક ક્ષણોમાં હું તમારી ઉત્તરવહીને પૂર્ણ કરવામાં સહાયતા કરીશ.

  જો તમે પરીક્ષા સિવાયની તમામ માહિતી તમારી ઉત્તરવહીમાં પહેલેથી જ ભરેલી હોય તો તમારી ઉત્તરવહીને તમારા ડેસ્ક પર સીધી મૂકો. હું તમને જવા ન દઉં ત્યાં સુધી કૃપા કરીને શાંતિથી બેસો.

**જે વિદ્યાર્થીઓએ ઉત્તરવહીઓ પર વ્યક્તિગત માહિતી ભરી હોય તેમના માટે તમારા પ્રોક્ટર** ઉત્તરવહીઓ એકત્રિત કરવી પર શરૂઆત કરશે.

## 6.3 ઉત્તરવહી પૂર્ણ કરવી

*બધા વિદ્યાર્થીઓને તમારા પ્રોક્ટર કહેશે:*

- તમારી *Student Answer Sheet Instructions*ની પુસ્તિકાનાં પૃષ્ઠ 1 પર જુઓ. બાકીના કેટલાક પ્રશ્નો પૂર્ણ કરવા માટે તમને માહિતી અને સૂચનાઓની જરૂર પડશે. ગોપનીયતા વિશેની માહિતી સહિતના પ્રારંભિક ફકરાઓ વાંચવા માટે થોડો સમય લો. કૃપા કરીને જ્યારે તમે પૂર્ણ કરી લો ત્યારે ઊંચે જુઓ.

*જ્યારે બધા તૈયાર હશે ત્યારે તમારા પ્રોક્ટર કહેશે:*

- જો તમારી ઉત્તરવહી તમારું ઘરનું સરનામું ધરાવતું લેબલ ધરાવતી હોય તો ખાતરી કરી લો કે તમારું સરનામું સાચું છે.

  તમારી ઉત્તરવહીનાં પૃષ્ઠ 2 ને ખોલો. જો લેબલ પર તમારું સરનામું સાચું છે તો તમે 9 થી 13 સુધીના ખાના છોડી શકો છો. જો તમને તમારા સરનામામાં ભૂલો દેખાય છે અથવા તમારી પાસે તમારા સરનામાવાળું લેબલ નથી તો તમારે ઉત્તરવહી પર તમારું સાચું સરનામું ભરવાની જરૂર પડશે.

*તમામ વિદ્યાર્થીઓને તેમના સરનામા ભરતી વખતે તમારા પ્રોક્ટર કહેશે:*

- ખાના 9 થી 13 સુધીમાં લખવા માટે અને તમારા સરનામા બબલ કરવા માટે તમારી *Student Answer Sheet Instructions*ની પુસ્તિકાનાં નિર્દેશોને અનુસરો. જો તમને કોઈ પ્રશ્ન હોય તો તમારો હાથ ઊંચો કરો. જો તમે 13 વર્ષ અથવા તેથી મોટા હોવ તો તમારું સરનામું બદલવા માટે તમે હંમેશા તમારા College Board ખાતા થકી તેને અપડેટ કરી શકો છો. જો તમે ઘર-નિશાળમાં છો તો તમારા સ્કોર કાર્ડની નકલ મોકલવા માટે College Board ને તમારા સરનામાની જરૂર છે.

*ખાના 14 માટે તમારા પ્રોક્ટર કહેશે:*

- ખાનુ 14 તમારો મોબાઈલ નંબર પૂછે છે. જો તમારો મોબાઈલ નંબર U.S. નો ન હોય તો કૃપા કરીને ખાનુ 14 ખાલી જવા દો.

  જો તમારી પાસે U.S. નો મોબાઈલ નંબર હોય તો તમારો નંબર આપવા માટે ખાના 14ની માહિતી વાંચો. જ્યારે તમારા સ્કોર તૈયાર હશે ત્યારે તેની જાણકારી આપવા માટે College Board તેનો ઉપયોગ કરશે. તમે કોઈ પણ સમયે બહાર જઈ શકશો. College Board અન્ય સંસ્થાઓ સાથે તમારા ફોન નંબર શેર કરશે નહીં.

  આ ખાનુ વૈકલ્પિક છે. જો તમે તમારી ઉત્તરવહી પર લખેલા નિયમોને સહમત થાઓ છો તો એરિઆ કોડથી શરૂ કરીને તમારો નંબર દાખલ કરો અને યોગ્ય બબલ્સ ભરો. કૃપા કરીને તમે પૂર્ણ કરી લો ત્યારે ઉપર જુઓ.

*ખાના 15 માટે તમારા પ્રોક્ટર કહેશે:*

- ખાનુ 15 ભરવા માટે તમારી *Student Answer Sheet Instructions*ની પુસ્તિકામાં નિર્દેશોને અનુસરો. જો તમને કોઈ પ્રશ્ન હોય તો તમારો હાથ ઊંચો કરો.

*હવે તમારા પ્રોક્ટર કહેશે:*

- ખાના 16 થી શરૂ કરીને 19 સુધીમાં પ્રશ્નોનાં જવાબો એ સુનિશ્ચિત કરશે કે તમામ વિદ્યાર્થીઓ માટે પરીક્ષાઓ અને સેવાઓ સમાન અને ઉપયોગી છે. આ કારણસર, અમે તમામ વિદ્યાર્થીઓને આ વિભાગ પૂર્ણ કરવા માટે ભારપૂર્વક પ્રોત્સાહિત કરીએ છીએ. તમારા જવાબોનો સંશોધન હેતુઓ માટે ઉપયોગ કરવામાં આવી શકે છે અને તમારી શાળા, શાળા જિલ્લો, અને રાજ્ય સાથે તે માહિતીને શેર કરવામાં આવી શકે છે.

  આ ક્ષેત્રો વૈકલ્પિક છે. જો તમારા માતાપિતા અથવા પાલકે તમને એમ કહ્યું હોય કે તમારે કોઈ વૈકલ્પિક અથવા સ્વૈચ્છિક માહિતી પૂર્ણ ન કરવી જોઈએ તો કૃપા કરીને અમે જ્યાં સુધી આ પ્રવૃત્તિ પૂર્ણ કરીએ ત્યાં સુધી શાંતિથી બેસો. કોઈપણ એવું ખાનુ પૂર્ણ ન કરો કે જે તમારા માતપિતા અથવા વાલીએ આપવાની મનાઈ કરી હોય અને તે પુછવામાં આવી રહ્યું હોય.

*બધા વિદ્યાર્થીઓને તમારા પ્રોક્ટર કહેશે:*

- હવે, પ્રશ્નો 16 થી 19 સુધીના જવાબ આપવા માટે *PSAT 8/9 Student Answer Sheet Instructions*ની પુસ્તિકામાં માહિતીને વાંચો. જ્યારે પૂર્ણ થઈ જાય ત્યારે ઉપર જુઓ.

*જ્યારે વિદ્યાર્થીઓ તૈયાર થઈ જશે ત્યારે ખાના 20 માટે તમારા પ્રોક્ટર કહેશે:*

તમારી ઉત્તરવહીનાં પૃષ્ઠ 4 પર ખાના 20 પર જાઓ. તમારું ઈમેલ એડ્રેસ પૂરું પાડવા અંગેની માહિતી વાંચો.

જો તમે ઈમેઈલ એડ્રેસ આપવાનું નક્કી કરો છો તો તે ઈમેઈલ એડ્રેસ તમારું છે અથવા તમારા વાલીનું અથવા માતા-પિતાનું છે તે સૂચિત કરવા બબલ ભરો. જો તમારી ઉંમર 13 વર્ષ અથવા તેનાથી મોટી હોય તો College Board ઈમેઈલ એડ્રેસને માહિતી મોકલવા માટે ઉપયોગ કરશે, જેમ કે જ્યારે તમારો સ્કોર તૈયાર થઈ જાય ત્યારે.

*બધા વિદ્યાર્થીઓને તમારા પ્રોક્ટર કહેશે:*

આપણે હવે તમારી વ્યક્તિગત માહિતી ભરવાનું પૂર્ણ કર્યું છે. કૃપા કરીને તમારી ઉત્તરવહી બંધ કરો. તમારી ઉત્તરવહી અને *Student Answer Sheet Instructions*ની પુસ્તિકાને તમારા ડેસ્ક પર સીધી મૂકો. હું તમને જવા ન દઉં ત્યાં સુધી કૃપા કરીને શાંતિથી બેસો.

## 6.4 ઉત્તરવહીઓ એકત્રિત કરવી અને વિદ્યાર્થીઓને છૂટા કરવાં

*છૂટવા માટે તૈયાર વિદ્યાર્થીઓને તમારા પ્રોક્ટર કહેશે:*

માત્ર થોડાક જ સમયમાં હું તમને જવા દઈશ. યાદ રાખો, તમારે, કોઈ પણ સંજોગોમાં, પરીક્ષણ ખંડમાંથી કોઈપણ પરીક્ષા સામગ્રી લેશો નહીં અથવા ઈમેઈલ, ટેક્સ્ટ સંદેશાઓ, ઈન્ટરનેટ અથવા સોશિયલ મીડિયા પર કોઈપણ માધ્યમ દ્વારા કોઈની સાથે પરીક્ષા સામગ્રીની ચર્ચા અથવા વહેંચણી કરશો નહીં. જેમ મે પરીક્ષાના પ્રારંભે કહ્યું, જો વ્યક્તિ પરીક્ષા સુરક્ષા સાથે સંબંધિત આ નીતિઓમાંથી કોઈપણનું ઉલ્લંઘન કરે છે તો તેઓના ગુણને રદ્ કરી દેવામાં આવશે અને તેઓને કદાચ ભવિષ્યમાં અન્ય College Boardની પરીક્ષામાં બેસવા દેવા માટે રોકવામાં આવશે.

જો તમે ઓછા માં ઓછા 13 વર્ષની ઉંમરનાં હોવ તો જ્યારે તમારા સ્કોર ઉપલબ્ધ થશે ત્યારે અને તમારો પૂર્ણ સ્કોર અહેવાલ ઓનલાઈન કેવી રીતે જોવો તે વિશે માહિતગાર કરવામાં આવશે. જો તમે 13 વર્ષ કરતાં નાની ઉંમરનાં હોવ તો તમારી પરીક્ષાનાં પરિણામો વિશે માહિતી માટે તમારા સલાહકાર સાથે વાત કરો.

હું જ્યાં સુધી તમારી હરોળને જવાની મંજૂરી ન આપું ત્યાં સુધી કૃપા કરીને તમારી સીટ પર રાહ જુઓ. તે સમયે, તમે પરીક્ષા પહેલા જે પણ વસ્તુઓ જમા કરવી હોય તે પાછી મેળવી શકો છો. તમે જ્યારે જાઓ ત્યારે કૃપા કરીને અન્ય પરીક્ષા ખંડોમાં જે અન્ય લોકો હજુ પણ કાર્ય કરી રહ્યા હોય તેમના માટે ગંભીર રહો. ફરીથી, આજે તમારી સખત મહેનત માટે તમને અભિનંદન.

**જો કોઈ પણ વિદ્યાર્થીએ પરીક્ષાખંડમાં તેમની વ્યક્તિગત પરીક્ષા સિવાયની માહિતી પૂર્ણ ન કરી હોય તો, તમારા પ્રોક્ટર ઉત્તરવહી પૂર્ણ કરવી પર પરત ફરશે.**